# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade 'A' by NAAC [CGPA 3.05]

**(પરીક્ષા વિભાગ માટે)**

**પુનઃમૂલ્યાંકન માટે ની ફી**

**કોડ નં :- ૩૩૦૩**

☐ ૧. ૧ વિષય માટેરૂ.૨૫૦/-

☐ ૨. ૨ વિષય માટેરૂ.૫૦૦/-

સ્વીકારશો.

પરીક્ષા નિયામક વતી

| ક્રમ | પરીક્ષા | કેટલા પેપરનું પૂનઃમૂલ્યાંકન થઇ શકે. |
|---|---|---|
| ૧. | ડિગ્રી કક્ષાની છેલ્લા વર્ષની પરીક્ષા | ૨ |
| ૨. | અનુસ્નાતક પરીક્ષા | ૨ |
| ૩. | પીજી. ડિપ્લોમાં પરીક્ષા | ૨ |
| ૪. | ક્રમ ૧,૨,૩ સિવાયની અન્ય પરીક્ષા | ૧ |

<u>સુચના</u>:- <u>પુનઃમૂલ્યાંકન અંગેના નિયમો તથા માહિતી કાળજીપૂર્વક વંચાણે લીધા બાદ જ અરજીની વિગત ભરવી</u>

**No.**

પ્રતિ,
પરીક્ષા નિયામકશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,
રાજકોટ. ૩૬૦૦૦૫

હું નીચે જણાવેલ વિગતે મારા વિષય / પેપરમાં પુનઃમૂલ્યાંકન કરવાની મારી આ અરજી સ્વીકારવા વિનંતી કરું છું. પુનઃમૂલ્યાંકનનાં પાછળ જણાવેલાં નિયમો મે વાંચ્યાં છે, અને તેમાં થતાં ફેરફાર મને બંધનકર્તા રહેશે. તેની બાહેંધરી આપું છું. આ પરીક્ષાનાં ગુણપત્રકની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.

અટક નામ પિતા / પતિનું નામ

૧.પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ :- ____________________

૨.પત્ર વ્યવહારનું સરનામું :- ____________________

____________________

To :-__________તાલુકો :-__________જિલ્લો :-__________રાજ્ય :-__________

પિનકોડ નંબર:-________ફોન નં. / મોબાઈલ નં. (૧)__________(૨)__________

3.E-mail I.D. :- ____________________

૪. પરીક્ષાનું નામ :- __________પરીક્ષા મહિનો :- માર્ચ /એપ્રિલ__________પરીક્ષાવર્ષ :- ૨૦૧___

ઓક્ટોબર/નવેમ્બર

૫. કોલેજ / સંસ્થા / ભવનનું નામ :- __________સ્થળ :-________ કોલેજ કોડ :- ________

૬. પરીક્ષાનો બેઠક નં :-__________ પરીક્ષા કેન્દ્ર :- __________

૭. પરિણામ જાહેર થયાની તારીખ :- --- ---૨૦૧__

૮. પુનઃમૂલ્યાંકન ફી ભર્યાની વિગત :- __________ પહોંચ નંબર :- ________ તારીખ :- --- --- ૨૦૧__

૯. જે વિષય / પેપરમાં પુનઃમૂલ્યાંકન કરાવવાનું છે તેની વિગત :-

| ક્રમ | વિષયનું પુરુંનામ | પ્રશ્નપત્ર નંબર | થીયરી પરીક્ષામાં મેળવેલ ગુણ | |
|---|---|---|---|---|
| | | | જે તે પ્રશ્નપત્રનાં કુલ ગુણ | જે તે પ્રશ્નપત્રમાં મેળવેલ ગુણ |
| ૧. | | | | |
| ૨. | | | | |

તારીખ :- --- --- ૨૦૧__ આપનો વિશ્વાસુ,

સ્થળ :- __________ પરીક્ષાર્થીની સહી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીદ્વારા C.B.C.S. અભ્યાસક્રમોના પરીક્ષાર્થીઓની ઉતરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરાવવા અંગેના નિયમો અને સૂચનાઓ

૧. રેગ્યુલર કોર્સનાં પુનઃમૂલ્યાંકન ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા, જે તે કોલેજે કરવાની રહેશે.

૨. કોલેજોએ વિદ્યાર્થીઓ પાસે નિયત કરેલ અરજીપત્રક, જરૂરી વિગતો સાથે સંપૂર્ણ ભરાવીને જરૂરી ફી સાથે, સંબધીત પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી રેગ્યુલર ફી રૂા.૨૫૦/- સાથે કાર્યના ૧૦ દિવસોમાં મેળવી લેવાનાં રહેશે. ભરેલા ફોર્મ ત્યારબાદનાં કાર્યના ૩ દિવસની સમયમર્યાદામાં, યુનિવર્સિટી કાર્યાલય,પરીક્ષા વિભાગ- ૦૪ ને ફોરવડીંગ લેટર સાથે મળે તે રીતે મોકલવાનાં રહેશે.

૩. ત્યારબાદ વિદ્યાર્થીઓએ રેગ્યુલર ફી ની મર્યાદાબાદ કામકાજનાં ૩ દિવસમાં ફોર્મ સ્વપ્રમાણીત ગુણપત્રકની નકલ, તથા રેગ્યુલર ફી રૂા.૨૫૦/- + લેઈટ ફી રૂા.૫૦૦/- = રૂા.૭૫૦/- કોલેજમાં જમાં કરવાના રહેશે. કોલેજે લેઈટ ફીનાં ફોર્મ, લેઈટ ફી સાથે સમયમર્યાદામાં જ યુનિવર્સિટીનાં ‘પરીક્ષા પૂછપરછ’ માં જમાં કરવાના રહેશે. જાહેર રજા તથા પ્રથમ અને ત્રીજા શનિવાર સિવાય ૧૧-૦૦ AM થી ૨-૦૦ PM તથા ૩-૦૦ PM થી ૪-૦૦ PM સુધી કેશ વિભાગમાં ફી ભરી શકાશે. ડિમાન્ડ ડ્રાફટ “કુલ સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ”ના નામનો કઢાવવાનો રહેશે. ચેક તથા I.P.O. સ્વીકારવામાં આવશે નહિ.

૪. MindlogicxInfratec. Ltd. [MLX] સંદર્ભે પરિપત્રમાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીએ Onlineએન્ટ્રી કરવાની રહેશે.

૫. પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અરજી પાછી ખેંચી શકશે નહિ કે ભરેલી ફીની રકમ પરિણામમાં ફેરફાર થાય કે ન થાય છતાં પરત મળી શકશે નહિ.

૬. અધૂરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની કે સમયમર્યાદા બાદ આવેલી અરજીઓ તેમજ ખૂટતી ફી સમયમર્યાદામાં મોકલવામાં ન આવે તેવી અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ. તેમજ તે અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૭. આંતરિક ગુણાંકન, M.C.Q., પ્રેક્ટિકલ, વાઈવા, ડેઝર્ટેશન, ટર્મવર્ક, સેમિનાર, પ્રોજેક્ટ-વર્ક વગેરે ની કોઈપણ પરીક્ષાની પુનઃમૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકશે નહિ. અને એક્ષ્ટર્નલ પરીક્ષામાં એસાઈમેન્ટનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહિ.

૮. નિર્ધારીત કરતાં વધારે પેપરની ફી ભરવી નહિ. તથા નિયમ મુજબ બે પેપરનું પુનઃમૂલ્યાંકન કરવાનું થતું હોય તો તે માટે એક જ ફોર્મ ભરવાનું રહેશે.

૯. જે પરીક્ષાનું પરિણામ નીચલી પરીક્ષા પસાર કરેલ ન હોવાને કારણે ઓ. ૧૫૬ મુજબ અટકાવવા **(Withheld o.156)** માં આવ્યું હોય તેવા પરીક્ષાર્થીઓ પણ જો પુનઃમૂલ્યાંકન ઇરછતા હોય તો તેઓને પણ નિયત સમયમર્યાદામાં જ અરજી કરવાની રહેશે.

૧૦. જો કોઈ પરીક્ષાર્થીનાં ગુણ તેમની પરીક્ષાની અધુરી માહિતીના કારણે કે અન્ય કારણોસર જાહેર કરવામાં આવેલ ન હોય તેવા પરીક્ષાર્થીઓ જો પુનઃમૂલ્યાંકન કરાવવા ઈચ્છતા હોય તો તે મતલબની સાદા કાગળમાં અરજી કરી નિયત સમયમર્યાદામાં જાણ કરવાની રહેશે. આવા પરીક્ષાર્થીનું સતાવાર પરિણામ જાહેર થયા પછીથી દિવસ ૧૦માં નિયત નમૂનામાં જરૂરી ફી સાથે પુનઃમૂલ્યાંકન માટે અરજી કરવાની રહેશે.

૧૧. પુનઃમૂલ્યાંકનનાં પરીક્ષકે આપેલ ગુણ અને અસલ મૂલ્યાંકનનાં ગુણ વચ્ચેનો તફાવત જે તે પ્રશ્નપત્રનાં કુલ ગુણનાં ૮% કે તેથી વધુ હશે તો જ તે પ્રશ્નપત્રનાં ગુણમાં-પરિણામમાં ફેરફાર કરવામાં આવશે.

૧૨. જે પરીક્ષાર્થીએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી હોય તેણે પુનઃમૂલ્યાંકનનાં પરિણામ કે પ્રત્યુત્તરની રાહ જોયા વિના તેમના અસલ જાહેર થયેલા પરિણામ અનુસાર ઉપલી પરીક્ષાના વર્ગમાં પ્રવેશ મેળવવા કે અન્ય પ્રકારની અરજી કરવાની હોય કે આવેદનપત્ર ભરવાનું થતું હોય તો સમયમર્યાદામાં જે તે કાર્યવાહી કરી લેવાની રહેશે.

૧૩. પુનઃમૂલ્યાંકનનું પરિણામ મોડું જાહેર થવાના કારણે ઉપલા વર્ગમાં મોડો પ્રવેશ મેળવવા માટે કોઈ પરીક્ષાર્થી હક્કદાર રહેશે નહિ અને તે માટે તેમજ અન્ય કોઈપણ પ્રકારના (નાણાં-સમય-તક) ક્લેઈમ કરી શકશે નહિ. પરંતુ જો કોલેજ સંસ્થા કે ભવનમાં પ્રવેશ આપ્યા બાદ ખાલી રહેતી જગ્યા હોય અને કોલેજ કે ભવન આવા પરીક્ષાર્થીને પ્રવેશ આપશે તો તેમની ખૂટતી હાજરી યુનિવર્સિટી કોન્ડોન કરી શકશે.

૧૪. સને ૨૦૧૬ થી એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં રજીસ્ટર્ડ થયેલ વિદ્યાર્થીઓએ નિર્ધારીત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૧૫. કોલેજે વેબસાઈટમાંથી પુનઃમૂલ્યાંકનનાં ફોર્મ ડાઉનલોડ કરવાના રહેશે.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબંધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે અને તે જે તે પરીક્ષાર્થીને બંધનકર્તા રહેશે.